તા. ૨-૮-૨૦૨૪
ગુજરાત સમાચાર
પાના નં. ૧

## સ્વીટ સિક્સટીમાં પ્રવેશેલા શહેરને

# નજીકના જ ભવિષ્યમાં મેટ્રોટ્રેનની ભેટ મળશે તો રિવરફ્રન્ટ પણ બનશે

ગાંધીનગર, ગુરુવાર

ગાંધીનગર રાજ્યનું પાટનગર હોવાને કારણે અહીં વિશેષ સુવિધા હોય તે વાતમાં કોઇ બેમત નથી તેમ છતા અમદાવાદ ગાંધીનગર વચ્ચે મેટ્રોની કનેકટીવીટી ન હતી છેલ્લા ઘણા વખતથીં અહીં યુધ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે અને આગામી વર્ષમાં મેટ્રોરેલની ભેટ નાગરિકોને મળશે. તો પીડીપીયુથી ગિફ્ટસિટી વચ્ચે સાબરમતી નદીના કિનારે રિવરફ્રન્ટ પણ અમદાવાદની જેમ બનાવવામાં આવનાર છે તેના માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.



રાજ્યના પાટનગર ગાંધીનગરની જ્યારે સ્થાપના થઈ ત્યારે ઓછા પરિવારો અહીં વસવાટ કરતા હતો જેના કારણે તે વખતે બીજા માળ સુધી પાણી પહોંચતું હતું પરંતુ કાળક્રમે વસ્તી વધારાની સાથે પુરવઠો પણ ઘટ્યો હતો ત્યારે ફરી નગરમાં ૨૪ કલાક પાણી મળી રહે ત માટેની યોજના ચાલી રહી છે. આ વર્ષ દરમ્યાન આ ૨૪ કલાક પાણીની યોજના લગભગ પુર્ણ થઈ જશે અને મીટરો લગાવીને નગરજનોને ૨૪ કલાક પાણી પુરવઠો મળી રહે તેવી સુવિધા શરૂ થઈ જશે.

ગાંધીનગર-અમદાવાદને ટ્વીનસીટી કહેવામાં આવે છે. ન્યુ ગાંધીનગર અને અમદાવાદ તરફ વિકાસે ગતી પકડી છે જેના કારણે ગાંધીનગર -અમદાવાદ લગભગ એક જ થઈ ગયું હોય તેમ લાગે છે ત્યારે ગ્રીનસીટી ગાંધીનગરને મેટ્રોસીટી અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટથી પણ આગામી દિવસોમાં

(અનુસંધાન બીજા પાને)

# સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ પણ મળશે

# ૨૪ કલાક પાણીનો પ્રોજેક્ટ પાઈપલાઈનમાં